# બી.પી. કોલેજના 240 વિદ્યાર્થીએ BISAG-Nની ચાર દિવસીય મુલાકાત લીધી




ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ સહિતની સંસ્થાઓના બી.સી. સેમેસ્ટર-5ના 240 વિદ્યાર્થીઓ માટે 6થી 9 જુલાઈ દરમિયાન BISAG-N, ગાંધીનગર ખાતે ચાર દિવસી ઉદ્યોગ મુલાકાત યોજાઈ હતી. વિદ્યાર્થીઓને ચાર જૂથમાં વહેંચી દરરોજ 60 વિદ્યાર્થીઓએ મુલાકાત લી હતી. દરમિયાન જિયોસ્પેશિયલ ટેક્નોલોજી, સેટેલાઈટ આધારિત એપ્લિકેશન, રિમોટ સેન્સિંગ, ઈ-ગવર્ન પ્રોજેક્ટ અને ડિજિટલ મેપિંગ અંગે નિષ્ણાતો દ્વારા માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ BISAG-N ખાતે કાર્યરત વિવિધ પ્રોજેક્ટ અને ટેક્નોલોજીના વ્યવહારુ ઉપયોગ અંગે પણ જાણકારી મેળ હતી.